૫૦૨/૩,૭૪૬

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૬ જૂન, ૨૦૧૦)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)** **સત્સંગ પરિચય - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

## વિભાગ-૧ : કિશોર સત્સંગ પરિચય - દસમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૯

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''બળી તારી ચૂંદડી.'' (૫૧)

૨. ''તેમને આ લોકની ગણતરી જ નથી.'' (૯૨)

૩. ''સાજા નરવા રહ્યા તો ગઢડામાં મહારાજની હજૂરમાં મળશું.'' (૭૦)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ગુજરાતના પાટનગર અમદાવાદમાં અક્ષરપુરુષોત્તમનો ડંકો વાગ્યો. (૨૯)

૨. શ્રીજીમહારાજ ડડુસરથી ઉતાવળે નીકળી ગયા. (૮-૯)

૩. રામપ્રતાપભાઈએ દામોદરભાઈને કહ્યું, 'તારે મને મુખ ન દેખાડવું.' (૩૭)

**પ્ર.૩** 'વિષ્ણુદાસ' (૪૨) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. શ્રીજીમહારાજે ક્યાં ક્યાં છ મંદિરો બંધાવ્યાં ? (૨૦)

૨. લક્ષ્મીચંદ શેઠ પાસે છેલ્લે સદાવ્રત લેવા કોણ આવ્યું ? (૩૪)

૩. શાસ્ત્રીજી મહારાજે બાંધેલાં પાંચ મંદિરોનાં નામ લખો. (૨૬)

૪. ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે શું કરવું જોઈએ ? (૪)

૫. કાઠીઓએ બરછી ઊંચી કરી ત્યારે શું થયું ? (૧૭)

**પ્ર.૫** 'હીરો કોઈ રીતે.......' (૭૭) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. થાય સ્મૃતિ રે ........ પ્રેમાનંદ ગાવે. (૫૯)

૨. અતિ દયાળુ રે ........ અતિ આકળા થાયે. (૬૦)

૩. आहारनिंद्रा ........ पशुभिः समानाः ॥ (૮૭)

૪. करुणामय चारु ........ भजे सदा ॥ - શ્લોકનું ગુજરાતી ભાષાંતર લખો. (૩૧)

## વિભાગ-૨ : પ્રાગજી ભક્ત - દસમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''મેં તો પેનશન (નિવૃત્તિ) લીધું છે.'' (૨૧)

૨. ''હવે તો તમે જેમ સુખિયા રહો છો તેમ સૌને સુખિયા કરો..'' (૫૫)

૩. ''મારા દેખતાં તારું અપમાન મારાથી સહન ન થાય.'' (૨૭)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. પ્રાગજી ભક્તે માતાના સાળુનો કિંમતી પાલવ વેચ્યો. (૩)

૨. શ્રીજીમહારાજ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ જેવા પરમ એકાંતિક સંતમાં પ્રગટ છે. (૫૭)

૩. મહાપુરુષદાસને ભગવાન ભજવાનું સરળ થયું. (૩૩)

**પ્ર.૯** 'વાંસદાના દીવાનને સત્સંગ' (૪૨) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. પ્રાગજી ભક્ત સૌ પ્રથમ વાર જૂનાગઢ કોની સાથે ગયા ? (૬)

૨. ચંદની જોઈને ગુણાતીતાનંદ સ્વામી શું બોલ્યા ? (૩૦)

૩. ખરું જ્ઞાન થયું ક્યારે કહેવાય ? - ભગતજી મહારાજના ઉપદેશના આધારે જવાબ આપો. (૫૦)

૪. પ્રાગજી ભક્ત સ્વામીની બળદગાડી પાસે કેમ જતા ન હતા ? (૨૬)

૫. નડિયાદના બારોટ હરિભક્તને ઠપકો આપતાં ભગતજીએ શું કહ્યું ? (૩૫)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પરિચય-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.** (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સત્સંગમાંથી વિમુખ (૨૮)

(૧) ☐ ભંડારીએ ભગતજીને ભાતા માટે ઝેરના લાડુ બાંધી આપ્યા.

(૨) ☐ અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું, 'પ્રાગજી ભક્તને સત્સંગમાં લેવાના છીએ.'

(૩) ☐ આચાર્ય મહારાજે કહ્યું, 'પ્રાગજી વિમુખ છે પણ તેનાં દાળચોખા ક્યાં વિમુખ છે.'

(૪) ☐ પવિત્રાનંદ સ્વામીએ કહ્યું, 'પ્રાગજી વિમુખ છે પણ તેનાં દાળચોખા ક્યાં વિમુખ છે.'

૨.ગુરુવચને ચૂરેચૂરા (૯)

(૧) ☐ પ્રાગજી ભક્તે બે દિવસ ઉપવાસ અને ત્રીજે દિવસ એક વખત જમવું એવું મહાતપ શરૂ કર્યું.

(૨) ☐ પ્રાગજી ભક્ત ગિરનારને બોલાવવા ગયા.

(૩) ☐ ભગતજીએ છ માસ સુધી વાળંદ તરીકેની સેવા કરી.

(૪) ☐ સ્વામીની આજ્ઞાથી એકાદ કલાક ગોરખ આસન વાળીને સૂતા.

૩. ઐશ્વર્ય દર્શન (૫૭)

(૧) ☐ ભગતજી મહારાજે હાથ ફેરવીને કૂતરું કરડ્યાનું દર્દ ઓછું કર્યું.

(૨) ☐ કોલેરાનો રોગ મટાડવા ભગતજી મહારાજે ગોપીનાથદેવનો થાળ કરવાની આજ્ઞા કરી.

(૩) ☐ કાનજી દરજીને ત્રણ વર્ષ સુધી મહારાજ અને સ્વામીની મૂર્તિ અખંડ દેખાતી.

(૪) ☐ ભગતજી મહારાજે એકબીજાના અંગૂઠા પકડાવીને સૌને જોતજોતામાં વરતાલ મૂકી દીધા.

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ : **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :-** જૂનાગઢના અમીન હરિભક્ત આચાર્ય જટાશંકરે પોતાના શિષ્ય મણીલાલ ભટ્ટને કહ્યું, આ જાગા ભક્ત જેવા મોચી ગાદી ઉપર બેસે અને આચાર્ય એમને દંડવત્ કરે છે.

જવાબ : **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :-** જૂનાગઢના **નાગર** હરિભક્ત **ડૉ. ઉમિયાશંકરે** પોતાના **ગુરુ બાળમુકુંદદાસજીને પૂછ્યું,** આ **પ્રાગજી ભગત** જેવા **દરજી ઢોલિયા** ઉપર બેસે અને **સંતો** એમને દંડવત્ કરે છે.

૧. **વનવાસમાંથી મુક્તિ :** મધ્યપ્રદેશમાં યજ્ઞપુરુષદાસજી દ્વારા ઘણી કથા થઈ. કેટલાક મુમુક્ષુઓને ધ્યાનમાં ગુણાતીતાનંદ સ્વામીની સાથે જાગા સ્વામીના પણ દર્શન થયાં. (૪૧)

૨. **સત્સંગમાં કુસંગ :** ગઢડામાં ચૈત્રી પૂનમના સમૈયે ગુણાતીતાનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીના સેવક સાધુ હરિસ્વરૂપદાસજીને હાર પહેરાવ્યો. (૨૭)

૩. **સાક્ષાત્કાર :** શ્રીજીમહારાજે પ્રાગજી ભક્તને આપેલ કોલ ગુણાતીતાનંદ સ્વામીએ બે વર્ષમાં પૂરો કર્યો. (૨૦)

૪. **સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના યોગમાં :** પ્રાગજી ભક્તે સુરત જઈને કામ શીખીને આચાર્ય મહારાજ માટે સુંદર મોજાં અને અંગરખું બનાવ્યાં. (૪)

૫. **શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના ગુરુપદે :** યજ્ઞપુરુષદાસજીએ ભગતજીની આજ્ઞાથી વિજ્ઞાનદાસને શ્રીજીમહારાજનાં ચરણારવિંદ આપી દીધાં. (૩૪)

૬. **અંતિમ લીલા :** ભગતજી મહારાજના પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર ઘેલા નદીને કાંઠે ફૂલચંદ શેઠની વાડીમાં કર્યો. (૫૬)

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ જુલાઈ, ૨૦૧૦ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**